RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૭૦૯ તા.૨૯–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા

સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને તત્કાલીન આરોગ્ય અધિકારી ત. જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૦૪–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) નોંધ નં. ૩/૯૦ રૂવાળા ટેકરા ભાગળ જીવરાજ ૯ નંબર ચાની સામેની મિલ્કતમાં નવા આર.સી.સી. સ્લેબ, પ્લીન, બીમ સહિત પાકુ નવું બાંધકામ ચાલુ હોય જેના બાંધકામના પ્લાનની તથા બાંધકામની મંજુરીની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૨૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૦૯/૨૦૧૧–૧૨

શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા. ૦૪–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) નોંધ નં. ૩/૯૦ રૂવાળા ટેકરા ભાગળ જીવરાજ ૯ નંબર ચાની સામેની મિલ્કતમાં નવા આર.સી.સી. સ્લેબ, પ્લીન, બીમ સહિત પાકું નવું બાંધકામ ચાલુ હોય જેના બાંધકામના પ્લાનની તથા બાંધકામની મંજુરીની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે ચીફ ફુડ ઈન્સ્પેકટરના પત્ર નં. જાવક નં. પીએચડી / ફુડ / ૯૭૭ તા. ૧૯–૧૧–૧૧ તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આઉટ/ ૧૬૩૪ તા. ૩–૧૨–૧૧ અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ / આઉટ નં./ ૨૬૯૧ તા. ૧૯–૦૩–૧૨ થી અયોગ્ય, અપારદર્શી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ /૧૭ તા.૫–૪–૧૨ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી ત. જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) તથા અરજદારને બન્ને જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર, ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ અને ગુમાસ્તા નોંધણીના કાયદા સંદર્ભે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ આપેલ પ્રત્યુત્તર બાદ ખોટી, અધુરી, અપારદર્શી માહિતી માટે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ /૨૮૮ તા.૨–૫–૧૨ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજી, પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/આ. ૧૬૩૪ તા.૩–૧૨–૧૧ થી અરજદારને દસ્તાવેજી ફી ભરી માહિતી મેળવવા અંગેના પત્રની નકલ, અરજદારને પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ /૨૬૯૧ તા.૧૯–૩–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ /૦૩ તા.૨–૪–૧૨ થી નકલ પુરી પાડયાના પત્રની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય ના તા.૯–૪–૧૨ ના પત્રથી નોંધ વિભાગ, અરજદારને જાવક નં. પીએચડી/ફુડ/૯૭૩ તા.૧૯–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૪–૧૧–૧૧થી માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૧૪૩૩ તા.૪–૧૧–૧૧થી આરોગ્ય અધિકારીને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી આરોગ્યના પત્ર નં.પી.એચ.ડી/ફુડ/૯૩૭ તા.૧૯–૧૧–૧૧ થી અરજદારને માહિતી સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આઉટ /૨૬૯૧ તા.૧૯–૩–૧૨ થી અરજદારને માહિતી સમય અવધિબાદ પુરી પાડવામાં આવેલ. અરજદારની અરજીમાં મુદ્દા નં. (૧) નોંધ નં. ૩/૯૦ રૂવાળા ટેકરા ભાગળ જીવરાજ ૯ નંબર ચાની સામેની મિલ્કતમાં નવા આર.સી.સી. સ્લ ેબ, પ્લીન, બીમ સહિત પાકુ નવું બાંધકામ ચાલુ હોય જેના બાંધકામના પ્લાનની તથા બાંધકામની મંજુરીની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી વોર્ડ નં. ૩, નોંધ નં.૯૦ વાળી મિલકતના

મંજુર પ્લાનની નકલના રૂા. ૫૦૦/– તથા રજાચીઠ્ઠીની નકલના રૂા. ૨/– ભર્યેથી નકલો મળી શકશે. સી.ઝેડ/આરટીઆઈ/નં.૧૬૩૪ તા.૩–૧૨–૧૧ થી રૂા.૨૭૨/– ભરવા માટે જાણ કરવામાં આવી છે. તેવુ જણાવેલ. જેમાં અરજદારે અપીલમાં જે બન્ને ફી બોગસ અને ખોટી હોય જેથી અમો અરજદાર ફકત પ્લાનની રજાચીઠ્ઠીના રૂા.૨/– રસીદ નં.૨૦૪૪૮૪થી ભરેલ છે. તેવી રજુઆત કરેલ. જેમાં અરજદારે રૂા.૨૭૨/– પૈકી રૂા.૨/– ભરેલ છે. તેની સામે તા.૨–૪–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી ધ્વારા રજાચિઠ્ઠીની નકલ આપેલ છે. પરંતુ પ્લાનની નકલ જે આરટીઆઈ ના કાયદાના નિયમ–૫ હેઠળ જાહેર સત્તા મંડળમાં વિદ્યમાન નિયમો મુજબ ભરપાઈ કરવાના રહે છે. આથી જાહેર માહિતી અધિકારીએ જણાવેલ દર સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી થયેલ છે. તે મુજબ અરજદાર નકલ મેળવવા ઈચ્છુક હોય તો નાણાં ભરપાઈ કરવાના રહે છે. વધુમાં અરજદારને અપીલ તબકકે પુરક વિગતો અંગે પત્ર પાઠવવા છતાં અપીલ તબકકે ફી બોગસ હોવાના કોઈ આધાર રજુ કરેલ નથી.

મુદ્દા નં.૨ સદર મિલકતમાં જીવરાજ ચાનું વેચાણ ચાલુ હોય, જેની નોંધણી નંબર, ગુમાસ્તાધારાની વ્યવસાય વેરાની અને આરોગ્યની પ્રમાણપત્રની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી (૨) ૧. મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ ૧૮૪૮ હેઠળ નીચે મુજબની નોંધણી નમુનો ફોર્મ 'એ' ભરી કરાવેલ છે. (૧ ) સંસ્થાનું નામ –પંકજ ટ્રેડર્સ (૨) માલિકનું નામ– જીતેન્દ્ર રતીલાલ કણીયા વિગેરે ત્રણ ભાગીદારો (૩) કામકાજનો પ્રકાર – પીપરમીટ,બિસ્કીટ, ચોકલેટ, સુકી ચા,લીકવીડ, ગ્લુકોઝ વિગેરેનું વેચાણ. (૪) સંસ્થાનું સરનામું– ૩/૯૦, રૂવાળા ટેકરા, સુરત. (૫) નોંધણી પ્રમાણપત્ર નંબર– સી.ઝેડ/એસ./૩/ ૨૦૪૩ (૬) નોંધણી તારીખ– ૭–૧૦–૧૯૭૫ (૭) કામકાજ શરૂ કર્યાની તા.–૧૪–૧૦–૧૯૭૫ (૮) છેલ્લી રીન્યુ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધી રીન્યુ **નમુના ફોર્મ 'એ'** સાથે રજુ કરેલ પુરાવા– ગુમાસ્તાધારા લાયસન્સ –સને ૧૯૪૮ ના મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ હેઠળ સંસ્થાની નોંધણી કરવા બાબતનો પત્ર. – નમુનો કોર્મ 'ઈ' ભરી તા.૧૨–૧૦–૧૧ ના રોજ ફેરફાર ફોર્મ રજુ કરેલ છે. (૧) ભાગીદાર હસમુખલાલ ખીમજીભાઈ દેઢીયા નિવૃત થયા તેનો લેખ. (૨) ભાગીદાર રમાબેન વનમાળીભાઈ પટેલનો મરણ દાખલો તેમજ એફીડેવીટ (૩) જીતેન્દ્ર રતીલાલ કણીયા માલિક તરીકે રહે છે. –ગુમાસતાધારા લાયસન્સ, ખરીદબીલ, વેચાણબીલ (૨) વ્યવસાયવેરાની માહિતી ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. જેમાં અરજદારે અપીલમાં ગુમાસ્તા લાઈસન્સ તથા વ્યવસાયવેરાની કોઈપણ જાતની સદર નોંધ નં.૩/૯૦ વેચાણ સંસ્થાએ એસ.એમ.સી. માંથી મેળવેલ જણાતુ નથી તેવી રજુઆત કરેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ ગુમાસ્તાધારાનું લાયસન્સ મેળવેલ છે. તેવુ જાહેર માહિતી અધિકારી જણાવેલ છે. જયારે વ્યવસાય વેરા અંગે માહિતી દફતરે ઉપલ/ધ ન હોવાનું જણાવેલ છે. જેની દફતરે ઉપલબ્ધ વિગત જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ છે.

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી ૩/૯૧, રૂવાળા ટેકરા, જીવરાજ ચા–૯ ની સામો ભાગળ, સુરત ખાતે આવેલ જીવરાજ ચા નું વેચાણ કરતી સંસ્થાને આરોગ્યના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં ફુડ વિભાગનું પી.એફ.એ.એકટ હેઠળનું લાયસન્સ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ. જેમાં અરજદારે અપીલમાં સાઈટ નોંધપોથીમાં શું જણાવેલ છે તેવો પુરક પ્રશ્ન મુળ અરજીથી અલાયદો ઉપસ્થિત કરેલ છે. તથા કર્મચારીની જવાબ આપવામાં બેદરકારી જણાતી હોય તેમ સ્પષ્ટ જણાય આવે છે તેવી રજુઆત કરેલ છે. તેમાં શું બેદરકારી જણાય છે તેવો કોઈ આધાર રજુ કરેલ નથી.

મુદ્દા નં.૩ સદર મિલકત આગળના ભાગે ખાંડની ચાસણી (ગુલ્કોઝ) નું વેચાણ ચાલુ હોય જેના મુદ્દા નં.૨ માં જણાવ્યા પંમાણે પ્રમાણપત્રની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી સદર મિલકતની પાછળના ભાગે ખાંડની ચાસણીનું વેચાણ કરતી સંસ્થાને આરોગ્યના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં ફુડ વિભાગનુ પી.એફ.એ.એકટ હેઠળનું લાયસન્સ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ. જેમાં અરજદારે અપીલ માં ફુડ ઈન્સ્પેકટરે જવાબ આપવામાં બેદરકારી જણાતી હોય તેમ સ્પષ્ટ જણાય આવે છે તેવી રજુઆત કરેલ છે. તેમાં શું બેદરકારી જણાય છે તેવો કોઈ આધાર રજુ કરેલ નથી. જેમાં અરજદારે માહિતી ઉપલબ્ધ નથી તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.૪ સદર મિલ્કતમાં આગળના ભાગે ફૂટપાથ પર ચકાસણીનું પ્લાસ્ટીકનું પીપ મુકી ફુટપાથ રોકાણ કરેલ હોય તેના દબાણખાતા તરફથી દબાણ દૂર કરેલ અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી મે. કમિશ્નરશ્રી અગર જે તે ખાતાના વિભાગીય વડાને ફરીયાદ કરી શકાય. તેવું જણાવેલ. જેમાં અરજદારે અપીલમાં તેમના કાર્યક્ષેત્રમાં સદર માહિતી આવતી ન હોય તો તેને તબદીલ કરી દેવી જોઈએ તેવી રજુઆત કરેલ છે. મુદ્દા નં. ૫ જે કેસમાં નોંધણી, વ્યવસાય, આરોગ્ય, ગુમાસ્તા લાયસન્સ જરૂરી હોય અને લેવામાં ન આવ્યુ હોય તો કોને ફરીયાદ કરી શકાય તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી આ બાબતે જે તે ઝોના ચીફશ્રીને ફરિયાદ કરી શકાય. તેવુ જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી ફુડ ખાતાનું લાયસન્સ ન લેવામાં આવ્યુ હોય તો ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે કાયદેસરના પગલાં લઈ શકાય. તેવુ જણાવેલ. જેમાં અરજદારે અપીલમાં તેમની હકુમત નીચેની સત્તા હોવા છતા પગલાં ભરવા કાર્યવાહી કરેલ નથી. તેવો પ્રશ્ન અપીલ તબકકે મુળ અરજીથી અલાયજો ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૬ જે કેસમાં મુદ્દા નં.૪ માં જણાવ્યા અંગેનું લાયસન્સ ન લ ેવામાં આવ્યું હોય તો કાયદેસરના કેવા પગલા લેવામાં આવે

છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ક્ષતી બાબતે ફરીયાદી પગલા લઈ શકાય. તેવુ જણાવેલ. જેમાં અરજદારે અપીલમાં બી.પી.એમ.સી એકટ મુજબ ખુલાસો કરેલ ન હોય અયોગ્ય છે. જે પ્રશ્ન અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયજો પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. તેમ છતાં અરજદારને અપીલ તબકકે પુરક વિગતો અંગે પત્ર પાઠવવામાં આવેલ તેમ છતાં અરજદાર તરફથી પુરક વિગતો રજુ કરેલ નથી અને તેમ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારે ચીફ ફુડ ઈન્સ્પેકટરના પત્ર નં. જાવક નં. પીએચડી / ફુડ / ૯૭૭ તા. ૧૯–૧૧–૧૧ તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આઉટ/ ૧૬૩૪ તા. ૩–૧૨–૧૧ અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ / આઉટ નં./ ૨૬૯૧ તા. ૧૯–૦૩–૧૨ થી અયોગ્ય, અપારદર્શી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૯–૩–૧૨ ધ્યાને લેતાં ૨૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૨–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## **હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૪–૧૧–૧૧ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પડાયેલ હોય જે અંગે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

જયારે અરજદારે અપીલ અરજીમાં ફુડ વિભાગના સંદર્ભે મુદ્દા નં.૨ સાઈટ પોથીનોંધ, મુદ્દા નં.૫ માં પગલા ભરવાની કાર્યવાહીને લગતા તથા સેન્ટ્રલઝોનની માહિતી સંદર્ભે મુદ્દા નં.૬ માં બી.પી.એમ.સી એકટ મુજબ ખુલાસાની રજુઆત બાબતે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પુરક પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદાની જોગવાઈઓ અને નિયમો અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) , ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને તત્કાલીન આરોગ્ય અધિકારી ત. જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)...જાણ તથા અમલ માટે

(૨) શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા,